## વિધ્યા સહાયક યોજના અન્વયે સમિતિની રચના બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-પીઆરઇ-૧૩૯૮ -સીસી- ૨૯૪(૧)- ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧ - ૦૯ -૧૯૯૮.

વંચાણમાં લીધા : (૧) શિ.વિ.નો તા. ૩૦.૪.૯૭ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ-૧૦૯૩-૩૦૫૦-ક.
(૨) શિ.વિ.નો તા. ૧૧.૬.૯૮ નો ઠરાવ ક્રમાંક:- પીઆરઇ-૧૦૯૬- ૩૦૫૦-૧૦૨૭-(૯૮)-ક તથા તા.૩૧.૮.૯૮નો ઠરાવ:-પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
(૩) નામ. ગુજ. હાઇકોર્ટનો તા. ૧૩.૮.૯૮નો ચૂકાદો.

ઠ રા વ :-

આમુખ :-

ક્રમ (૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૩૦.૪.૯૭ના ઠરાવથી રાજય સરકારે પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ તેમજ રાજય સરકારની નાણાંકીય સ્થિતિ ધ્યાને લઇ વૈકલ્પીક વ્યવસ્થા રૂપે ૧૫,૦૦૦ બાલગુરુની ભરતી કરવા નિર્ણય લીધેલ હતો. સદરહુ ઠરાવના અમલીકરણમાં વૈધાનિક બાબતો અને સ્થાનિક વ્યવસ્થાતંત્ર સામે અસંતોષને કારણે કોર્ટ કેસો ઉપસ્થિત થયેલ અને નામ. વડી અદાલતમાં પણ દાવા અરજીઓ થયેલ. પરિણામે ૩૭૪૩ બાલગુરૂઓની ભરતી શકય બનેલ અને તે પછી ઉપરોકત કામગીરી વહીવટી અને કોર્ટના કારણોસર અટકી પડેલ. આ પછી નવી સરકારે સત્તા ગ્રહણ કરતાં શિક્ષકોની ખાલી જગ્યાઓને પરિણામે શાળાઓમાં બાળકોના શિક્ષણમાં પડતા વિક્ષેપો તેમજ રાજયની નાણાંકીય પરિસ્થિતી ધ્યાનમાં લઇ જાહેર હિતમાં ૨૦,૦૦૦ વિધ્યા સહાયકો શિક્ષણ કાર્યમાં મદદમાં લેવા માટે નિર્ણય કરેલ. વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક: (૨) થી અગાઉના ઠરાવની કેટલીક ઉણપો દૂર કરીને રૂ. ૨૫૦૦ ના માસિક ઉચ્ચક માનદ વેતનથી વિધ્યા સહાયકો શાળાકીય તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિમાં મદદરૂપ થાય તેવો અભિગમ રાખીને તેમની ભરતી માટે આદેશ કરેલ. આ ઠરાવની સામે પણ વડી અદાલતમાં દાવાઓ થયેલ. પરિણામે ઉપરોકત તમામ દાવાઓ ભેગા કરીને વડી અદાલતે તા. ૧૩.૮.૯૮ થી મુખ્યત્વે સ્પે.સી.એ. નં. ૫૧૨૮-૯૮, ૮૧૬૦-૯૭, ૮૧૯૩-૯૭, ને ટાંકીને વિગતપૂર્ણ ચૂકાદો આપેલ છે. આ ચૂકાદામાં વડી અદાલતે રાજય સરકારને જાહેર હિતમાં બાળકોના શિક્ષણ કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય અને શૈક્ષણિક કાર્ય ખોરવાઇ ન જાય તે હેતુથી જુદીજુદી કોર્ટોમાં વહીવટી એને ન્યાયિક પ્રશ્નો ઉભા થતાં શૈક્ષણિક કાર્ય ખોરવાઇ ન જાય તેવા હેતુસર જિલ્લા તથા વડી અદાલતમાં ઉભા થતા દાવાઓ રોકવા એને સંબંધિત અરજદારોને ભારતના સંવિધાનના અનુચ્છેદ- ૨૨૬ અને ૨૨૭ અન્વયે વૈકલ્પીક ઉપાય - વ્યવસ્થા રૂપે રાજય સરકારને ખાસ સચિવ અથવા સંયુકત સચિવ કક્ષાના અધિકારીને નીમીને એક સમિતિની રચના કરવા આદેશ આપેલ છે. જે અન્વયે રાજય સરકાર પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિધ્યા સહાયક સમિતિની રચના કરવાનું આથી ઠરાવે છે. :-

સમિતિ :-

(૧) શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ( પ્રાથમિક શિક્ષણ). અધ્યક્ષ.
(૨) શિક્ષણ વિભાગના ઉપ સચિવ ( પ્રાથમિક શિક્ષણ ). સભ્ય.
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના નાયબ નિયામક ( પ્રાથમિક ). સભ્ય.

૨. ઉપરોકત સમિતિનું કાર્યક્ષેત્ર નામ. હાઇકોર્ટે સુચવ્યા મુજબ નીચે મુજબનું રહેશે :-

(૧) વિધ્યા સહાયક યોજનાના અમલ સંબંધી- તમામ ફરિયાદો અથવા રજુઆતો આ સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૨) નામ. વડી અદાલતમાં તથા જિલ્લા કોર્ટોમાં જે પ્રક્ષકારોએ આ સંબંધે દાવાઓ દાખલ કરેલ છે તે તમામે નામ.વડી અદાલતે આ કેસમાં તથા અન્ય કેસોમાં આપેલ ડાયરેકશન મુજબ આ સમિતિ સમક્ષ લેખિતમાં પોતાની વ્યક્તિગત રજુઆત કરવાની રહેશે. જે અંગે સમિતિએ નિર્ણય આપવાનો રહેશે. જિલ્લા કોર્ટોમાં ચાલતા કેસોમાં સંબંધિત અધિકારીઓએ આ સંબંધે વંચાણે લીધેલ જજમેંટ રજૂ કરી યોગ્ય નિર્ણય કરવા વિનંતી કરવાની રહે છે.

(૩) બાલગુરુ અને વિધ્યા સહાયક યોજના ના અમલીકરણ અંગે નામ. હાઇકોર્ટે દાવાઓમાં થયેલ રજુઆતો સાંભળીને તમામ પાસાઓનો વિચાર કરી ચૂકાદામાં વિગતવાર વિચારણા કરી આ સમિતિની રચના કરવાની સૂચના આપી છે. તેથી સદરહુ યોજનાના બંધારણ અંગે કોઇ અરજદાર સમિતિ સમક્ષ વાંધા ઉઠાવી શકશે નહિ.

(૪) આ સમિતિ દર અઠવાડીયે ઓછામાં ઓછું એક વખત નકકી કરેલ સમય અને સ્થળે મળીને સંબંધિત પક્ષકારોની લેખિત ફરિયાદો સાંભળશે.

(૫) સમિતિએ આપેલ નિર્ણય અને સૂચનાઓ તમામ સંબંધિતો માટે બંધનકારક રહેશે.

(૬) સમિતિ કડક વહીવટી પ્રક્રિયાનું અમલીકરણ ન કરતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોને શકય ત્યાં સુધી અનુસરશે.

(૭) સમિતિ વિધ્યા સહાયક યોજનાના અસરકારક અમલીકરણ માટે જરૂરી કામગીરીનું આયોજન અને પોતાની કાર્યરીતિ નકકી કરશે અને શકયતઃ સપ્ટેમ્બર-૯૮ ના અંત સુધી યોજનાનું અમલીકરણ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરશે. આ સમયમર્યાદા રાજય સરકાર લંબાવી શકશે.

(૮) સમિતિ મંજૂરી ન આપે ત્યાં સુધી વિધ્યા સહાયકની નિમણૂંક થઇ શકશે નહીં. વિધ્યા સહાયકની નિમણૂંક કરતાં પહેલા દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએસમિતિની મંજૂરી મેળવી લેવી. આ મંજૂરી આપતાં પહેલાં સમિતિ નિમણૂંકો નિયમાનુસાર થઇ છે તેની ખરાઇ કરી લેશે.

(૯) નામ. વડી અદાલતે આ કેસમાં તથા અન્ય કેસોમાં જે નિર્ણયો આપેલ હશે તેનું સંબંધકર્તાઓએ પાલન કરવાનું રહેશે.

(૧૦) નામ. વડી અદાલતે આ કેસમાં આપેલ ડાયરેકશન મુજબ રાજ્યની તમામ સીવીલ કોર્ટો આ બાબતના કોઇ કેસો તા. ૩૧.૩.૯૯ સુધી સ્વીકારેશે નહિ તેમજ મનાઇહુકમો આપશે નહિ. તેથી આવા કેસો ઉભા થાય તો સંબંધિત અધિકારીએ નામ. કોર્ટનું ધ્યાન તે પ્રત્યે દોરવું.

૩. સમિતિ સમક્ષ રજુઆત કરવાની સાથે એક નકલ સંબંધિત અરજદારે જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી - શાશનાધિકારીને પહોંચાડવાની રહેશે.

૪. આ સમિતનું વડુ મથક પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર રહેશે.

૫. આ સમિતિ સમક્ષ કોઇ પણ પ્રકારનું દબાણ લાવી શકાશે નહિ. આવી બાબત ધ્યાને આવશે તો અરજી કરનાર ગેરલાયક ઠરશે, તથા આ સમિતિ નામ. હાઇકોર્ટે આપેલ ડાયરેકશન મુજબ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ના વૈકલ્પીક ઉપાય તરીકે રચાઇ હોઇ, સમિતિનો નિર્ણય અર્ધ ન્યાયીક (QUASI JUDICIAL) તથા રાજ્ય સરકારનો ગણાશે.

૬. આ સમિતિની મુદત આ ઠરાવની તારીખથી ત્રણ માસ સુધીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ આર.પી.જોષી ),
ઉપસચિવ.

પ્રતિ,
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ- રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શ.ગૃ.નિ.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અ.મુ.સ.શ્રી, પંચાયત અને ગ્રા.ગૃ.નિ.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અ.મુ.સ.શ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે શાસનાધિકારીશ્રીઓ, નગર પંચાયત - મહાનગરપાલિકા, નગરપાલિકાઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સીલેકટ ફાઇલ, મદદનીશ સિલેકટ ફાઇલ.